* * *

## બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ''ફી'' લેવા અંગે

ગુજરાતસરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ/1103/1442/ગ,

સચિવાલય, ગાંધીનગર, તા. 25-6-2003

***વંચાણે લીધો : શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : એસએસએન/3478/75576/ગ, તા. 3-5-'79.***

**ઠરાવ :**

રાજયમાં આવેલી અનુદાન લેતી બિનસરકારી માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આમુખમાં દર્શાવેલ તા. 3-5-'79ના ઠરાવથી નક્કી થયેલ ''ફી''ના પ્રમાણમાં ઉત્તરોઉત્તર વધતાં જતા ખર્ચને પહોંચી વળવા માટે ફી-વધારો કરવો આવશ્યક જણાઇ આવેલ છે. તદ્અનુસાર ધોરણ 8 થી ધોરણ 12માં અભ્યાસ કરતા છોકરાઓ પાસેથી સત્ર ફી, પ્રવેશ ફી, શિક્ષણ ફી, ઉદ્યોગ ફી, લેબોરેટરી ફી (વાર્ષિક) એનરોલમેન્ટ ફી અને પરીક્ષા ફીનાં નક્કી થયેલ ધોરણોમાં ફી-વધારો કરવા અંગેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે અનુદાનસહાય મેળવતી બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા છોકરાઓ/વિદ્યાર્થીઓ પાસેથી જૂન-2003 થી અમલમાં આવે તે રીતે નીચે પ્રમાણેનું ધોરણ નક્કી કરવાનું આથી ઠરાવવામાં આવે છે :

| *ધોરણ* | *વિગત* | *''ફી''નો દર રૂ.* |
|---|---|---|
| 8 | સત્ર ફી | 25-00 |
| 9 | સત્ર ફી | 25-00 |
| 10 | સત્ર ફી | 25-00 |
| 8 | પ્રવેશ ફી | 25-00 |
| 9 | પ્રવેશ ફી | 25-00 |
| 10 | પ્રવેશ ફી | 25-00 |
| 8 | શિક્ષણ ફી | 25-00 |
| 9 | શિક્ષણ ફી | 25-00 |
| 10 | શિક્ષણ ફી | 25-00 |
| 11-12 | સત્ર ફી | 50-00 |
| | શિક્ષણ ફી | 300-00 |
| | ઉદ્યોગ ફી | 50-00 |
| | લેબ. ફી (વાર્ષિક) | 100-00 |
| | એનરોલમેન્ટ ફી | 20-00 |
| | પરીક્ષા ફી | 10-00 |
| | વર્કશોપ ફી (કૃષિ અને અન્ય) | 100-00 |

2. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા. 5-6-2003 ની નાણાંકીય સલાહકારશ્રીની સંમતિ મેળવીને રવાના કરવામાં આવે છે.

ગુજરાતરાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, મનહર આર. ચૌધરી

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ